# મહાનગર ભાજપના ગૌરવ મહાસંપર્ક અભિયાનનો પ્રારંભ

**ઘરે ઘરે વોર્ડના પ્રમુખો કાર્યકરો સહીત પક્ષના નેતા પી એમનો શુભેચ્છા સંદેશ પહોંચાડશે : ભાજપને મત આપો અપાવોના મેસેજ સાથે ૧૫૦ સીટ જીતવાનો મક્કમ ઇરાદો**







ગાંધીનગર તા ૭

વડાપ્રધાનના સંદેશને ઘર ઘર સુધી પહોંચાડવા માટે રાજયમાં ભાજપના ગૌરવ મહાસંપર્ક અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહની ઉપસ્થિતિમાં પ્રચાર અભિયાન હાથ ધરવામાં આવ્યુ છે. જયારે ગાંધીનગરમાં પણ મહાનગર ભાજપ કક્ષાએ ગુજરાત મહાસંપર્ક અભિયાનને વેગ આપવા ઘર ઘર સુધી પ્રચાર ઝુંબેશનો પ્રારંભ કરી દેવાયો છે. આજે શહેરના ૧ થી ૮ વોર્ડમાં વોર્ડના નેતાઓ પક્ષના કાર્યકર્તાઓએ ગૌરવ મહાસંપર્ક અભિયાનની શરૂઆત કરી હતી.

આગામી વિધાનસભાની ચુંટણી માથે છે. ત્યારે રાજકીય પક્ષો પ્રચારકાર્યમાં લાગી ગયા છે. ગુજરાતમાં ૧૫૦ સીટથી વધુ બેઠકો જીતવાના મક્કમ ઈરાદા સાથે ભાજપના પ્રમુખ અમિત શાહે આજથી અમદાવાદના નારણપુરા વિસ્તારમાંથી ગૌરવ મહાસંપર્ક અભિયાનનો શુભારંભ કરાવ્યો હતો. આ ગૌરવ મહાસંપર્ક અભિયાન આગામી તા ૧૨ નવેમ્બર સુધી ચાલશે. જયારે આ દરમિયાન પ્રધાનમંત્રીના સંદેશને જનજન સુધી પહોંચાડવા સ્થાનિક કક્ષાથી લઈ રાષ્ટ્રીય નેતાઓ પણ ભાજપના સુસાશનની સિદ્ધિઓ આમ નાગરિકો સુધી પહોચાડશે. ગાંધીનગરમાં પણ મહાનગર ભાજપ દ્વારા આ ગૌરવ મહાસંપર્ક અભિયાનનો આજે પ્રારંભ કરવામાં આવ્યો હતો. શહેરના પ્રત્યેક વોર્ડમાં સ્થાનિક નેતાઓ અને કાર્યકરો દ્વારા પ્રચાર ઝુંબેશ શરૂ કરવામાં આવી હતી. દરેક વોર્ડના પ્રમુખો ઉપરાંત કાર્યકરો તેમજ સ્થાનિક નેતાઓ પણ આ અભિયાનમાં જોડાયા હતા. આગામી તા ૧૨ નવેમ્બર સુધી આ અભિયાન દરમિયાન સેકટરોમાં ઘરે ઘરે પ્રધાનમંત્રીનો સંદેશ પહોંચતો કરવા ભાજપના આગેવાનો ફરશે. આજે વોર્ડ નં-૧ માં ગુડાના ચેરમેન આશિષ દવે પણ મહાસંપર્ક અભિયાનમાં જોડાયા હતા. પ્રધાનમંત્રીના શુભેચ્છા સંદેશ સાથે ભાજપને ૧૫૦ થી વધુ બેઠકો પર જીતાડવાના ઈરાદા સાથે ભાજપને મત આપો અપાવોના અભિગમ સાથે સેકટરોમાં ભાજપી કાર્યકરો દિવસ દરમિયાન શેરીઓ ખુંદતા નજરે પડયા હતા. મહાનગર ભાજપના ઉપપ્રમુખ ઉરેન પટેલ સહીત વિવિધ વોર્ડ પ્રમુખ અને મોટી સંખ્યામાં કાર્યકરો પણ આ અભિયાનને વેગ આપવા જોડાયા હતા. ભાજપને ચુંટણી જંગમાં જંગી બહુમતી અપાવાના ઉદેશ સાથે આગામી તા ૧૨ સુધી મહાસંપર્ક અભિયાન અન્વયે મહાનગર ભાજપના વોર્ડ પ્રમુખો અને કાર્યકરો ઘરે ઘરે પહોંચશે.

## હા... સાહેબ !

‘‘સમય ક્યાં જતો રહે છે... ખબર જ નથી પડતી..! જોતજોતામાં જોને વરસ થઈ ગયું..!!’’

‘‘શાની વાત કરો છો..?! શાનું વરસ થઈ ગયું..?!’’

‘‘નોટબંધી... નોટબંધી ને..!! તમારા સાહેબને વિચાર આવી ગયો અને આઠમી નવેમ્બરે રાત્રે પ્રજાજોગ સંદેશમાં... ‘ભાઈઓ અને બહેનો...’ અને પછી..!!’’

‘‘એમાં ખોટું શું થયું ભાઈ..?! કાળા નાણાંની બોલબોલા નાથવા આ અક્સીર ઉપાય હતો..! બનાવટી નોટો બજારમાં ફરતી અટકાવવા આ હિંમતભર્યો નિર્ણય કરવો જ પડે એવો હતો..!! અને પેલા આતંકવાદીઓને બેફામ બનતા અટકાવવા આ રાષ્ટ્રહિતનો નિર્ણય..!!’’

‘‘ઓ...હો...હો... હવે તમે જ કહો આમાંથી થયું શું..?! કાળુ નાણું પકડાયું..?! તમારા જ અહેવાલ પ્રમાણે ૯૯ ટકા રૂપિયા જમા થઈ ગયા છે..!! તો ક્યાં ગયું કાળુ નાણું..?! ક્યાં ગઈ બનાવટી નોટો..?! અને આતંકવાદી પ્રવૃત્તિ ઘટી..?! કાંઈ કરતાં કાંઈ થયું નહિ ને દેશ માથે લીધો..!!’’

‘‘હજુ હવે તમને પરિણામો દેખાશે..!! તમારે તો ‘ચટ મંગની પટ બ્યાહ’ જેવું છે..! હવે જુઓ બે નંબરવાળા સીધા થાય છે કે નહિ..?! બે નંબરની લેવડદેવડ બંધ થઈ જશે બંધ..!! પછી ખબર પડશે..!!’’

‘‘શું ખબર પાડવાના છો..?! કેટલા રૂપિયા રીઝર્વબેન્કમાં આવ્યા એ હજી ગણી નથી રહ્યા ને હજુ ખબર પડશે... ખબર પડશેની ડંફાશો મારો છો..?!’’

‘‘તમારો વિષય રાજકારણનો છે... અર્થકારણનો નહિ..!! અને છતાંય તમે ઝીંકે રાખો છો..!!’’

‘‘હવે મને સમજવો કે ડૉ. મનમોહનસિંહને અર્થકારણમાં વધારે ખબર પડે કે તમારા નાણાંમંત્રીને વધારે ખબર પડે..?! રઘુરામ રાજનને વધારે ખબર પડે કે તમારા ભાષણીયા નેતાઓને..?! વિશ્વ પ્રસિદ્ધ અર્થશાસ્ત્રીઓનો અભિપ્રાય તમારે સાંભળવો નથી અને તમારા મળતીયાઓના કાળા નાણાં સફેદ કરવા ગોઠવાયેલા ષડયંત્રને અર્થતંત્ર સુધારવાના નામે ચલાયે રાખો છો..!!’’

‘‘કાચના ઘરમાં રહીને પથ્થરો નહિ મારવાના..!! તમારી સરકારોએ કેટલા ગોટાળા કર્યા છે... કેવા કર્યા છે... એ દુનિયા આખી જાણે છે... એટલે ગોટાળાની તો વાત જ ના કરતાં... આમાં તો ફસાઈ જશો ફસાઈ..!! અમે તો પ્રજાના હિતની વાત કરીએ છીએ..!!’’

‘‘ઓહોહો..!! પ્રજાના બેલી થઈ નીકળી પડ્યા છો... પ્રજાહિતની વાતો કરવા..!! યાદ છે ૯મી નવેમ્બરે ગભરાઈ ગયેલી બીચારી સામાન્ય પ્રજા તડકો-છાયો જોયા વગર ઉભી રહી ગઈ હતી લાઈનમાં..!! હજાર બે હજાર માટે એક મહિના સુધી બિચારો મધ્યમવર્ગ આમ તેમ આંટાફેરા મારતો જ રહ્યો..!! અને તમારા માલેતુજાર મળતિયાઓની નોટો ઘરે બેઠા બેઠા બદલાઈ ગઈ..!! બધું જ યાદ છે..!!’’

‘‘તમારે કંઈ યાદ કરાવવાની જરૂર નથી... લાગણીની વાતો છોડી ઈમોશનલ બ્લેકમેલીંગ બંધ કરો..!! પ્રજા બધું જ જાણે છે..!! સમય આવે જવાબ પણ આપે છે..!! તમારે ચિંતા કરવાની જરૂર નથી..!! એ તો અઢારમી ડિસેમ્બરે જ ખબર પડી જશે કે નોટબંધી સાચી હતી કે ખોટી..!!’’

‘‘હા... મામાનું ઘર કેટલે..?! અમેય ધીરજ રાખીએ છીએ... તમેય ધીરજ રાખજો... અને જનાદેશને શિરોમાન્ય ગણીએ..!!’’

**- નિમિત્ત માત્ર**

# મુંબઈની ટોળકીએ ગાંધીનગરના બિલ્ડરને ૫.૩૫ કરોડનો ચુનો લગાવ્યો

**બાલાજી કન્સ્ટ્રક્શન ગ્રૂપના માલીકને મુંબઈના એક સારા પ્રોજેક્ટના સપના દેખાડી ૨૧.૭૫ એકર જમીન વેચી ટોળકીએ જમીનનો દસ્તાવેજ ન કરી આપ્યો ને રૂપિયા ખંખેરી લીધા : ગાંધીનગર એસઓજીને તપાસ સોંપાઈ**

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગરનું જાણીતુ બાલાજી કન્સ્ટ્રક્શન ગ્રુપના માલીકને મુંબઈની એક ગેંગે મુંબઈમાં સારા પ્રોજેક્ટ માટે ઈન્વેસ્ટ કરવાના સપના દેખાડી ૨૧.૭૫ એકર જમીન વેચી તે પેટે રૂ. ૫.૩૫ કરોડ પ્રથમ કન્ડીશન પેટે ચુકવવા કહ્યુ અને રૂપિયા ઉઘરાવી લીધા બાદ દસ્તાવેજ ન કરી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી આચરી હોવાની ફરિયાદ અડાલજ પોલીસ મથકે નોંધાતા ચકચાર મચી જવા પામી છે. આ મામલે ગાંધીનગર એસઓજી દ્વારા ઊંડી તપાસ શરૂ કરવામાં આવી છે.

બાલાજી કન્સ્ટ્રક્શન ગ્રૂપના મુખ્ય ડાયરેક્ટર આશિષભાઈ શાહ છે. બે વર્ષ અગાઉ તેમના મિત્ર મારફતે મુંબઈના ચાર શખ્સો સાથે તેમનો સંપર્ક થયો હતો. દિલીપ કિશનલાલ હરીયાણી, તેના જમાઈ પાર્થ મર્ચન્ટ તથા કલ્પના સુધીરભાઈ મરડીયા અને સુધીરભાઈ મરડીયા આ ચારેય સાથે મળીને કલ્પના અને સુધીરભાઈ મરડીયાની મુંબઈ ખાતેની જમીન આશીષભાઈને બતાવી વેચાણ આપવાની હોવાનું કહી સારા પ્રોજેક્ટ અને ઊંચા નફાની વાતો કરી આશિષભાઈનો વિશ્વાસ સંપાદન કર્યો હતો. વિશ્વાસમાં લીધા બાદ આશિષભાઈ પાસેથી જમીન પેટે રૂ. ૫.૩૫ કરોડ મેળવી લઈ જમીનના ટાઈટલ કલીયરન્સ માટેના તેમજ વેચાણના જરૂરી પ્રાથમિક દસ્તાવેજો પુરા નહી પાડ્યા અને હવે

● અનુસંધાન પાન-૫ પર

# ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ ૧૨મી એ ગાંધીનગરમાં

ગાંધીનગર તા ૭

ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ ગુજરાતમાં ઝંઝાવાતી પ્રચારમાં લાગી ગયા છે. આગામી વિધાનસભાની ચુંટણીમાં ભાજપને ૧૫૦ થી વધુ બેઠકો પર જીત અપાવવા માટે પક્ષના કાર્યકરોથી લઈ રાષ્ટ્રીય નેતાઓ મેદાનમાં આવી ગયા છે.

**ગૌરવ મહાસંપર્ક અભિયાનના અંતે ટાઉનહોલમાં શકિત કેન્દ્રના કાર્યકરોની બે તબક્કામાં બેઠક યોજાશે**

એકબાજુ આજથી ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જે અન્વયે પ્રધાનમંત્રીના સંદેશાને ઘર ઘર સુધી પહોંચતો કરવા ભાજપના કાર્યકરથી લઈ રાષ્ટ્રીય નેતાઓ પણ શહેરમાં મતદારો સુધી પહોંચવા માટે પગ ઘસી રહયા છે. ભાજપના સુશાસનની સિધ્ધિઓ આમ નાગરિકો વચ્ચે લઈ જવા માટે મહાસંપર્ક અભિયાન હાથ ધરાયુ છે. આ દરમિયાન અમિત શાહે રાજકોટ અને સુરત જિલ્લાના કાર્યકરોને માર્ગદર્શન પુરુ પાડયુ હતુ. ભાજપના વરિષ્ઠ કાર્યકરો સાથે સંવાદ કર્યો હતો. ગાંધીનગરમાં પણ આજે ગૌરવ મહાસંપર્ક અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. જેમાં પક્ષના સ્થાનિક આગેવાનો ઉપરાંત કાર્યકરો તેમજ નેતાઓ પણ જોડાયા હતા. જયારે આગામી તા ૧૨ નવેમ્બર સુધી આ અભિયાનમાં મંત્રીઓ પણ જોડાશે. ભાજપ માટે ૧૫૦ નો લક્ષ્યાંક સિધ્ધ કરવા માટે પ્રજાલક્ષી વિકાસ કામો તેમજ સાશનની સિધ્ધિઓને પ્રજા સુધી પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવી રહયો છે. ત્યારે પ્રતિષ્ઠાભર્યા ચુંટણીજંગમાં ગાંધીનગરની બેઠકો પણ સ્ટેટસ સિમ્બોલ સમાન ગણાંતી હોવાથી મતદારોને રીઝવવા માટે ભાજપના

● અનુસંધાન પાન-૫ પર

## બેસણું



અમારા પૂજ્ય પિતા **એસ. ડી. ગોસ્વામી (શિવલાલગિરિ દેવગિરિ ગોસ્વામી)**નું તા. ૫/૧૧/૨૦૧૭ના રોજ અવસાન થયેલ છે. **સદ્ગતનું બેસણું અમારા નિવાસસ્થાન પ્લોટ નં. ૧૨૫૫/૨, સેક્ટર-૭/ડી, ચૌધરી હાઈસ્કૂલ સામે, ગાંધીનગર ખાતે ગુરૂવાર તારીખ ૯/૧૧/૨૦૧૭ના રોજ સવારના ૯ થી ૧૧ કલાક** દરમિયાન રાખેલ છે.

| | |
|---|---|
| **નયના સુરેશ ગોસાઈ** | **શ્રીમતી સવિતાબેન ગોસ્વામી** |
| **રીટા દિલીપકુમાર બન** | **નરેન્દ્ર એસ. ગોસ્વામી** Ex. HR - BOB & Calico Mills |
| **કિર્તી વિપુલ જોષી** | **વિરેન્દ્ર એસ. ગોસ્વામી** Ex. Asstt. Comm. of Labour Govt of Gujarat |
| **મીના નરેન્દ્ર ગોસ્વામી** | **પરિમલ એસ. ગોસ્વામી** |
| **પ્રિતી વિરેન્દ્ર ગોસ્વામી** | |
| **જીગીશા પરીમલ ગોસ્વામી** | |

## બેસણું તથા ઉત્તરક્રિયા



અમારા પૂજ્ય માતૃશ્રી ગં.સ્વ.મયાકુંવરબા બળવંતસિંહ ઝાલા (ગામ : જાળીયા-અડવાળ) હાલ ગાંધીનગર તા. ૦૫-૧૧-૨૦૧૭ને રવિવારના રોજ અક્ષર નિવાસી થયેલ છે. સદ્ગતનું બેસણું તથા ઉત્તરક્રિયા તા. ૦૯-૧૧-૨૦૧૭ને ગુરૂવારના રોજ સવારે ૮.૦૦ થી ૧૧.૦૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : વાસ્તુ નિર્માણ સોસાયટી, પ્લોટ નં. ૭૩૩. સેક્ટર-૨૧, ગાંધીનગર**

લી

ઝાલા જનકસિંહ હરિચંદ્રસિંહ
ઝાલા પરાક્રમસિંહ યોગરાજસિંહ
સ્વ.ઝાલા મયુરધ્વજસિંહ યોગરાજસિંહ
ઝઢાલા સુરેન્દ્રસિંહ યોગરાજસિંહ
ઝાલા અનિરૂધ્ધસિંહ વિરેન્દ્રસિંહ
ઝાલા કુલદિપસિંહ વિરેન્દ્રસિંહ
ઝાલા હર્ષરાજસિંહ અનીરૂધ્ધસિંહ
ઝાલા વિરેન્દ્રસિંહ બળવંતસિંહ
ઝાલા જગદેવસિંહ હરિચંદ્રસિંહ
ઝાલા રાજેન્દ્રસિંહ ઈન્દ્રસિંહ
ઝાલા સુરેન્દ્રસિં દોલતસિંહ
ઝાલા રવિન્દ્રસિંહ દોલતસિંહ
ઝાલા રણજીતસિંહ ઈન્દ્રસિંહ

**તથા ઝાલા પરિવાર**



કોંગ્રેસની સંપર્ક યાત્રા - ગાંધીનગર ઉત્તર વિધાનસભા વિસ્તારમાં કોંગ્રેસ પક્ષ દ્વારા સંપર્ક યાત્રા સોમવારે આરંભાઈ હતી... સરઢવ, રૂપાલ, રાંધેજા ગામોમાં રાત્રી બેઠકો દ્વારા કોંગ્રેસે મતદારોનો સંપર્ક કર્યો હતો...

# સે. ૨૪ અને સે. ૫ માંથી ડેન્ગ્યુના વધુ બે કેસ મળ્યા

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર શહેરમાંથી આજે પણ વધુ બે કેસ ડેન્ગ્યુના મળી આવ્યા છે. આ સાથે આ વર્ષે ડેન્ગ્યુના કેસોની સંખ્યા વધીને ૪૪ની થઈ છે.

મળતી વિગતો પ્રમાણે આ કેસો આજે સે. ૨૪ અને સે. ૫ માંથી મળી આવ્યા છે. બન્ને દર્દીઓ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. જ્યાં તેમની તબિયત સુધારા પર હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે શહેરી મેલેરીયા તંત્રએ મળી આવેલ આ બે દર્દીઓના ઘરની મુલાકાત લઈ અને એન્ટી લારવેલ તેમજ ફોગીંગની કાર્યવાહી કરી હતી એટલુ જ નહિ દર્દીઓના રહેઠાણની આસપાસના વિસ્તારોમાં સર્વેલન્સ પણ હાથ ધરેલ છે.

શહેરના વિવિધ સેક્ટરોમાંથી મળી રહેલા છુટા છવાયા કેસોને પગલે તંત્રની દોડધામ વધી જવા પામી છે. તંત્ર દ્વારા ડેન્ગ્યુ સામે લોક-જાગૃતિ અભિયાનની ઝુંબેશ હાથ ધરવાનો નિર્ણય કરેલ છે એટલુ જ નહિ એબેટ ડે ની ઉજવણીને અસરકારક બનાવવાની વ્યુહરચના વિચારી હોવાનું જાણવા મળેલ છે.

શહેરમાં મેલેરીયાના કેસોની સંખ્યામાં પણ આ વર્ષે ઘટાડો જોવા મળ્યો છે જો કે ડેન્ગ્યુના કેસો ગત વર્ષની તુલનામાં આ વખતે હજુ ઓછા જોવા મળી રહ્યા છે. ચિકનગુનિયાના ૮ જેટલા કેસ નોંધાયા છે તે ઉલ્લેખનીય છે.

# અનામત મુદ્દે કોંગ્રેસ-પાસ વચ્ચે આજે બેઠક

**પાટીદાર અનામતને લઇ સોનિયા ગાંધીને રિપોર્ટ સુપ્રત : કોંગ્રેસના નેતા તેમજ કાયદાવિદ્ સિબ્બલ બેઠકમાં હાજર રહે તેવી વકી : અનામત મુદ્દે મોટી જાહેરાત થવાની શક્યતા**

અમદાવાદ,તા.૭

પાટીદારોની અનામતની માંગણીને લઈ કોંગ્રેસના દિગ્ગજ નેતા અને કાયદાવિદ્ કપિલ સિબ્બલે બે દિવસ પહેલાં કોંગ્રેસ અધ્યક્ષા શ્રીમતી સોનિયા ગાંધીને મહત્વનો રિપોર્ટ સુપ્રત કર્યા બાદ હવે આવતીકાલે કોંગ્રેસના દિગ્ગજ નેતાઓ અને પાસના આગેવાનો વચ્ચે બીજા તબક્કાની એક મહત્વની બેઠક યોજાનાર છે. જેમાં કોંગ્રેસના રાષ્ટ્રીય નેતાઓ, સ્થાનિક નેતાઓથી લઈ પાસના પણ આગળ પડતા આગેવાનો ખાસ હાજર રહેવાના છે. આવતીકાલની બેઠકમાં કોંગ્રેસના રાષ્ટ્રીય દિગ્ગજ નેતા અને જાણીતા ધારાશાસ્ત્રી કપિલ સિબ્બલ પણ હાજર રહે તેવી શકયતા છે. આવતીકાલની બેઠક બાદ અનામતના મુદ્દે કોંગ્રેસ દ્વારા તેનું વલણ સ્પષ્ટ અને જાહેર કરાય તેવું પણ મનાઈ રહ્યું છે. ગુજરાત કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ અને પાસના નેતાઓ સાથે તાજેતરમાં યોજાયેલી મહત્વની બેઠકમાં કોંગ્રેસે પાસના નેતાઓની પાંચ માંગણીઓ પૈકી ચાર માંગણીનો સ્વીકાર કરી લીધો હતો.


## જોઈએ છે

(૧) કોઈપણ ટ્રેડના ડિપ્લોમા એન્જિનીયર
કામની જગ્યા : અમદાવાદ અથવા ગાંધીનગર
પગાર : ૧૦,૦૦૦/- થી ૧૫,૦૦૦/-

(૨) સ્મ્છ ફાઈનાન્સ - ટેલીના જાણકાર
પગાર : ૧૫,૦૦૦/-

બાયોડેટા ઈમેલ કરો
bb.chavda@yahoo.com
મો. ૯૭૧૨૭ ૭૫૧૩૬




www.capitaloffset.in

## કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2008 Certified Company

**મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ**

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT · Kisan · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ET TMT BARS Mazboot Bharat ki Pehchan

## જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

## ઈશ્વરકૃપા ટાયર સર્વિસ

ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા

એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
BRIDGESTONE · CEAT



તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com